# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 04-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, રિફોર્મ, પર્ફોમ, ટ્રાન્સફોર્મનાં મંત્ર સાથે દેશ આગળ વધી રહ્યો છે.
2) સર્વોચ્ચ અદાલતનો સોમનાથ મંદિર પાસે બુલડોઝર દ્વારા અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી પર મનાઇ હૂકમ આપવાનો ઇનકાર
3) કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે, સંયુક્ત સંસદીય સમિતિ-JPCના સૂચનો પર વિચારણા કર્યા બાદ કેન્દ્ર સરકાર સંસદના શિયાળુ સત્રમાં વક્ફ સુધારા ખરડો લાવશે
4) હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે આવતી કાલે મતદાન યોજાશે.
5) છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં આજે સલામતી દળો સાથેની અથડામણમાં સાત માઓવાદીઓ માર્યા ગયા
6) 2023-24માં સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન એક લાખ 27 હજાર કરોડ રૂપિયાને પાર
7) ભારતીય શેરબજારમાં સતત પાંચમાં દિવસે મંદીઃ છેલ્લાં બે દિવસમાં ભારતીય રોકાણકારોએ 14 લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM CONCLAVE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે દેશ રિફોર્મ, પર્ફોમ અને ટ્રાન્સફોર્મનાં મંત્ર સાથે આગળ વધી રહ્યો છે. તેમણે જણાવ્યું કે ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ કરી રહેલું અર્થતંત્ર છે અને તમામ વૈશ્વિક સંસ્થાઓએ ભારતનો સાત ટકાનો વૃધ્ધિ દર અંદાજ્યો છે.

નવી દિલ્હીમાં ત્રીજી કૌટિલ્ય ઇકોનોમિક કોન્કલેવને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું કે, આ કોન્ક્લેવ એવા સમયે યોજાઈ રહી છે જ્યારે વિશ્વનાં બે મોટાં પ્રદેશોમાં યુધ્ધની પરિસ્થિતિ છે.

## AMIT SHAH FOR NATIONAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર નશામુક્ત અભિયાન શરૂ કર્યું છે, જે અંતર્ગત દેશભરમાં નશીલા પદાર્થોની હેરફેર રોકવા માટે નક્કર પગલાં લેવામાં આવી રહ્યા છે.

(BYTE – કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં વિવિધ વિકાસ કામોનું ખાતમુર્હુત અને લોકાર્પણ કર્યું. તેમણે માણસા ખાતે 244 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર સિવિલ હૉસ્પિટલ તેમજ 85 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા વિવિધ વિકાસ કાર્યોનો શુભારંભ કર્યો. આ પ્રસંગે તેમણે ગાંધીનગરમાં 17 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના ગૌરવ પથને ખુલ્લો મૂક્યો હતો.

આ પહેલા અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેન્ક ADC બેન્કના 100મા સ્થાપના દિવસ પ્રસંગે સંબોધન કર્યું હતું. અડાલજ ખાતે હિરામણી આરોગ્યધામ ડેકેર હોસ્પિટલનું ઉદ્દઘાટન કરતાં શ્રી શાહે આગામી દસ વર્ષમાં દેશમાં વધુ 75 હજાર તબીબી બેઠકો વધારવાની સરકારની નેમ વ્યક્ત કરી હતી.

## SOMNATH BULLDOZER ACTION

સર્વોચ્ચ અદાલતે સોમનાથ મંદિર પાસે બુલડોઝર દ્વારા અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી પર મનાઇ હૂકમ આપવાનો ઇનકાર કર્યો છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, તે રાજ્ય સરકારનાં જવાબની રાહ જોવા માંગે છે. જો અમને લાગશે કે અધિકારીઓએ અદાલતનું અપમાન કર્યું છે તો અમે તેમને જેલમાં મોકલીશું એટલું જ નહી પણ સ્થિતિ પૂર્વવત કરવાનો નિર્દેશ પણ આપીશું.

અદાલતે ગુજરાત સરકારને નોટીસ જારી કરી હતી અને આગામી સુનાવણી 16 ઓક્ટોબર મુલતવી રાખી હતી.

ઉલ્લેખનીય છે કે બુલડોઝર કાર્યવાહી અટકાવવાના સર્વોચ્ચ અદાલતનાં 17 સપ્ટેમ્બરનાં આદેશ પછી પણ મોટા પાયે અતિક્રમણ કાર્યવાહી ચાલુ રહેતા અદાલતી અવમાનના બદલ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજકર્તાએ ગીર સોમનાથના કલેક્ટર સહિતનાં અધિકારીઓ સામે પગલાં લેવાની માંગણી કરી છે.

## PM-MUMBAI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મહારાષ્ટ્રના વાશિમ ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાના 18મો હપ્તો જમા કરાવશે. દેશનાં 9 કરોડ 40 લાખથી વધુ ખેડૂતોનાં ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા 20 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ જમા થશે. આ પ્રસંગે, શ્રી મોદી નમો શેતકરી મહાસન્માન નિધિ યોજનાના 5મા હપ્તા હેઠળ મહારાષ્ટ્રના ખેડૂતોને આશરે બે હજાર કરોડ રૂપિયાનાં વધારાનો લાભ પણ જારી કરશે. શ્રી મોદી એગ્રીકલ્ચરલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફન્ડ હેઠળ એક હજાર 920 કરોડોનાં વિવિધ પ્રોજેક્ટ્સ પણ સમર્પિત કરશે.

પ્રધાનમંત્રી મુખ્યમંત્રી સૌર કૃષિ વાહિની યોજના 2.0 હેઠળ મહારાષ્ટ્રમાં 19 મેગાવોટની કુલ ક્ષમતાના પાંચ સોલર પાર્ક સમર્પિત કરશે.

શ્રી મોદી થાણેમાં મહત્વનાં મેટ્રો અને રોડ પ્રોજેક્ટ્સનું શિલારોપણ કરશે અને 14 હજાર 120 કરોડ રૂપિયાનાં મુંબઇ મેટ્રો લાઇન પ્રોજેક્ટ્-3 હેઠળનાં બીકેસીથી

આરે JVLR સેક્શનનું ઉદઘાટન પણ કરશે. આ પ્રોજેક્ટથી દૈનિક 12 લાખ પ્રવાસીઓને લાભ થશે. તેઓ 12 હજાર કરોડનાં ખર્ચે બનનારા થાણે ઇન્ટીગ્રલ રિગં મેટ્રો રેલ પ્રોજેક્ટ ઉપરાંત રોડ અને વિમાન પરિવહન અંગેનાં પ્રોજેક્ટ્સનું શિલારોપણ પણ કરશે.

## WAQF KIRAN RIJIJU

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે જણાવ્યું કે, સંયુક્ત સંસદીય સમિતિ-JPCના સૂચનો પર વિચારણા કર્યા બાદ કેન્દ્ર સરકાર સંસદના શિયાળુ સત્રમાં વક્ફ સુધારા ખરડો લાવીને મુસ્લિમ સમુદાયના પછાત વર્ગોનાં અધિકારોનું રક્ષણ કરવા પ્રતિબધ્ધ છે.

આજે નાગપુરમાં પત્રકાર પરિષદમાં તેમણે આ કાયદામાં સુધારા પાછળનો હેતુ સમજાવતા કહ્યું કે, કેટલાંક ધનિક મુસ્લિમોએ વક્ફની મહત્વની મિલકતો પર કબ્જો જમાવ્યો છે અને મુસ્લિમ સમુદાયનાં વંચિત વર્ગોને આ મિલકતોનાં લાભથી વંચિત રાખ્યા છે. તેમણે જણાવ્યું કે, સરકાર આ કાયદો ઘડીને વંચિત મુસ્લિમ સમુદાયને ન્યાય આપશે.

અગાઉ કિરેન રિજિજુએ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરનાં સ્મારક દીક્ષાભૂમિની મુલાકાત લીધી હતી.

## *MID BREAK- NEWS-NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

## HARYANA ASSEMBLY

હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે આવતી કાલે મતદાન યોજાશે. બે પરંપરાગત હરીફો ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. બંને પક્ષોએ 89 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. જો કે રાજકીય નીરિક્ષકોનાં જણાવ્યા પ્રમાણે કેટલીક બેઠકો પર આમ આદમી પાર્ટી, ઇન્ડિયન નેશનલ લોક દળ, બસપા અને જન નાયક જનતા પાર્ટી- JJP નાં ઉમેદવારો પણ મેદાનમાં હોવાથી મુકાબલો ત્રિપાંખીય બન્યો છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપે પાંચ-પાંચ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

## ASHWINI VAISHNAV-RAILWAY

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું છે કે કોઈ પણ સંજોગોમાં રેલવેનું ખાનગીકરણ નહીં કરવામાં આવે. શ્રી વૈષ્ણવે આજે નાસિકમાં રેલવે સલામતી દળનાં 40મા સ્થાપના દિવસમાં ભાગ લીધો હતો અને પરેડનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, દેશનાં ગરીબ અને મધ્યમ વર્ગ માટે રેલવે પરિવહનનું માધ્યમ છે, તેથી કેન્દ્ર સરકારે રેલવેમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે અને સંશોધન, સલામતી તથા માનવ સંસાધન પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. તેમણે જણાવ્યું કે, કેટલાંક રાજકીય પક્ષો રેલવેનાં ખાનગીકરણની સંભાવના અંગે અટકળો ફેલાવી રહ્યા છે પણ સરકાર ક્યારેય રેલવેનું ખાનગીકરણ નહીં કરે.

## NAXALISM

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં આજે સલામતી દળો સાથેની અથડામણમાં સાત માઓવાદીઓ માર્યા ગયા છે. આ અથડામણ આજે બપોરે નારાયણપુર જિલ્લાના અબુઝમાદ વિસ્તારમાં થઈ હતી. આ વિસ્તારમાં માઓવાદીઓ છુપાયા હોવાની મળેલી માહિતીને પગલે નારાયણપુર અને દાંતેવાડા જિલ્લા

પોલીસની સંયુક્ત ટીમ શોધ અભિયાન ચલાવી રહી હતી ત્યારે આ અથડામણ થઈ હતી.

પોલીસે ઘટનાસ્થળેથી માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે. આ ઉપરાંત, એકે-47 અને સેલ્ફ-લોડિંગ રાઈફલ્સ સાથે અન્ય ઘણા હથિયારો પણ સ્થળ પરથી મળી આવ્યા છે.

## RAJNATH-SIDM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું હતું કે, વર્ષ 2023-24માં સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન એક લાખ 27 હજાર કરોડ રૂપિયાને વટાવી ગયું છે. નવી દિલ્હીમાં સોસાયટી ઓફ ઇન્ડિયન ડિફેન્સ મેન્યુફેક્ચરર્સની સાતમી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતા સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં અત્યાધુનિક ટેકનોલોજીનાં વિકાસ માટે અનેક યોજનાઓ શરૂ કરી છે. શ્રી સિંહે iDEX, ટેકનોલોજી ડિવલપમેન્ટ ફન્ડ, અદિતી સ્કીમ અને મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતી વિવિધ પ્રોત્સાહન યોજનાઓની માહિતી આપી હતી.

(બાઇટ- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ)

## STOCK MARKET

મધ્યપૂર્વમાં અશાંતિને પગલે ભારતીય શેરબજારમાં સતત પાંચમાં દિવસે મંદીનું જોર યથાવત રહ્યું હતું. છેલ્લાં બે દિવસમાં ભારતીય રોકાણકારોએ 14 લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. આજે સેન્સેક્સ 808 પોઇન્ટ ઘટીને 81 હજાર 688 અને નિફ્ટી 235 પોઇન્ટ ઘટીને 25 હજાર 14 પર બંધ રહ્યો હતો. બોમ્બે સ્ટોક એક્સચેન્જનું માર્કેટ કેપ ઘટીને 461 લાખ કરોડ થયું હતું. નિફ્ટી મિડ કેપ અને સ્મોલ કેપ ઇન્ડેક્સ પણ ઘટીને બંધ રહ્યા હતા.

બજારનાં નિષ્ણાંતોનાં જણાવ્યા પ્રમાણે રોકાણકારો મધ્યપૂર્વમાં હાલ ચાલી રહેલા સંઘર્ષને સાવચેતીપૂર્વક જોઈ રહ્યા હોવાથી બજારમાં મંદીનો માહોલ યથાવત છે.

## JAISHANKAR SRILANKA PAKISTAN MEETING

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે નેબરહુડ ફર્સ્ટ પોલિસી તથા દરિયાઇ સહકાર પર ધ્યાન કેન્દ્રીત કરતા સાગર કાર્યક્રમ પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. કોલંબોમાં આજે શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિથા હેરથ સાથેની બેઠક દરમિયાન ડોક્ટર જયશંકરે શ્રીલંકાનાં પ્રાથમિકતા ધરાવતા પ્રોજેક્ટ્સને ભારતની વર્તમાન વિકાસ સહાય ચાલુ રાખવાની ખાતરી આપી હતી એમ વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ડોક્ટર જયશંકરે શ્રીલંકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે, પ્રધાનમંત્રી હારિણી અમારાસુરિયા સાથે બેઠકો યોજી હતી. શ્રી જયશંકરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વતી રાષ્ટ્રપતિ દિસાનાયકેને ભારત મુલાકાત માટે આમંત્રણ પાઠવ્યું હતું.

વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકર આગામી શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન -SCO બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે જણાવ્યું હતું કે,

ઈસ્લામાબાદમાં 15-16 ઓક્ટોબરના રોજ યોજાનારી આ બેઠકમાં પાકિસ્તાનની મુલાકાત દરમિયાન શ્રી જયશંકરની દ્વિપક્ષીય બેઠક અંગે હાલ કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

ઔપચારિક પ્રક્રિયાનાં ભાગ રૂપે પાકિસ્તાને આ બેઠકમાં ભાગ લેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતું.

**SCO** ની બેઠકમાં રાષ્ટ્રનાં વડાએ હાજરી આપવી ફરજિયાત નથી. ભૂતકાળમાં પણ આ બેઠકમાં ભારતના મંત્રીનાં વડપણમાં પ્રતિનિધિમંડળે ભાગ લીધો હતો.

## **SPORTS**

**I.C.C.** મહિલા ટી-20 વિશ્વકપમાં આજે દુબઇમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મેચ રમાઇ રહી છે. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને બેટીંગ કરવાનો નિર્ણય કર્યો.

અગાઉ બપોરે રમાયેલી એક મેચમાં વેસ્ટ ઇન્ડિઝે દક્ષિણ આફ્રિકાને 10 વિકેટે પરાજય આપ્યો હતો. વેસ્ટ ઇન્ડિઝ વતી સ્ટેફની ટેલરે અણનમ 44 રન કર્યા હતા. જ્યારે દક્ષિણ આફ્રિકા વતી લૌરા વોલ્વારડોટે 59 અને તઝમીન બ્રિટ્સે 57 રન કર્યા હતા. બંને ખેલાડીઓ અણનમ રહ્યા હતા.

આકાશવાણીની **F.M.** રેઈનબો ચેનલ પર હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં જીવંત પ્રસારણ ચાલુ છે.

ગઈકાલે શારજાહમાં રમાયેલી સ્પર્ધાની બીજી મેચમાં પાકિસ્તાને શ્રીલંકાને 31 રનથી હરાવ્યું હતું. પાકિસ્તાનનાં સુકાની ફાતિમા સનાને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયાં હતાં.